# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-04-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે

*****************************************************

1) આણંદમાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આવતીકાલે મતદાન – વહીવટી તંત્રની વિશેષ તૈયારી.

2) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી નજીક આવતા રાજકીય પક્ષોનો ઝંઝાવાતી પ્રચાર.

3) ગુજકોમાસોલ દ્વારા પ્રાકૃતિક ખાતર વેચાણનો શુભારંભ.

4) વલસાડમાં પીકઅપ વૅન પલટી જતાં છ લોકોના મોત – 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત.

5) રાજ્યમાં બે દિવસ બાદ તાપમાન 43 ડિગ્રી સૅલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા – હીટ વેવ માટે માર્ગદર્શિકા જાહેર.

6) હરિયાણામાં યોજાનારી રાષ્ટ્રીયકક્ષાની ક્રિકેટ સ્પર્ધામાં ગીર સોમનાથનાં ખેલાડી સાક્ષી રાવતની પસંદગી.

................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UMRETH BY ELECTION

આણંદમાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે આવતીકાલે યોજનારા મતદાન માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. આવતીકાલે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે. આ પેટા-ચૂંટણીમાં ભાજપ તરફથી હર્ષદ ગોવિંદભાઈ પરમાર અને કોંગ્રેસ તરફથી ભૃગુરાજસિંહ ચૌહાણ તેમજ અન્ય ચાર એમ કુલ છ ઉમેદવાર મેદાનમાં છે. જ્યારે આમ આદમી પાર્ટીએ પેટાચૂંટણી માટે કોઈ ઉમેદવાર જાહેર કર્યા નથી. આવતીકાલે થનારા મતદાન માટે EVM સાથે ચૂંટણીના કર્મચારીઓ મતદાનમથક માટે રવાના થયા છે. ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું આકસ્મિક અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે.

(VOICECAST: PARESH MAKWANA)

# EVE POLITICAL CAMPAIGN

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈ વિવિધ રાજકીય પક્ષે તેમના સ્ટાર પ્રચારકોને પ્રચાર માટે મેદાનમાં ઉતાર્યા છે. કેટલાક નેતાઓ ક્યાંક સભાઓ ગજવી રહ્યા છે, તો કેટલાક મતદારોના ઘરેઘરે જઈ પ્રચાર કરી રહ્યા છે. આ સાથે જ નેતાઓ વચ્ચે વાકયુદ્ધ પણ શરૂ થઈ ગયું છે.**

## (VOICECAST : PRAVESH ADIACHA)

(... રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટેનો પ્રચાર પૂર્ણ થવામાં બે દિવસ બાકી છે. ત્યારે રાજકીય પક્ષના નેતાઓ ઠેરઠેર સભાઓ સંબોધી પ્રચાર કરી રહ્યા છે. *નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કચ્છના ભુજમાં ભવ્ય રોડ શૉ યોજી ભાજપના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો.* જ્યારે વાવ-થરાદના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે કોતરવાડા અને રાંટિલા જિલ્લા પંચાયત બેઠક માટે સભાઓ સંબોધી તેમને સરકારની સિદ્ધિઓ ગણાવી. બીજી તરફ, આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતાં તેમણે લોકોને શિક્ષણ, આરોગ્ય અને વિકાસના મુદ્દે આમ આદમી પાર્ટીને મત આપવા અપીલ કરી. જ્યારે રાજ્યસભા સાંસદ સંજય સિંઘે નર્મદાના ડેડિયાપાડામાં અને ધારાસભ્ય ચૈતર વસાવાએ વડોદરાના ખટંબા ખાતે વિજય વિશ્વાસ સભા સંબોધી પ્રચાર કર્યો.

તો, ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ અમદાવાદના બાપુનગરમાં પોસ્ટલ બેલેટથી મતદાનમાં વિવાદ અંગે પ્રતિક્રિયા આપતા સત્તાપક્ષ પર આકરા પ્રહાર કર્યા. સાથે જ તેમણે જવાબદાર લોકો સામે તાત્કાલિક પગલા ભરવાની માગ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ રવિવારે 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તેમજ 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠક માટે પેટા-ચૂંટણી માટે મતદાન થશે અને 28 એપ્રિલે પરિણામ જાહેર કરાશે.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

# AMADAVAD- STHANIK SWARAJYA CHUTNI

અમદાવાદમાં આ રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીમાં 38 લાખથી વધુ મતદારો 652 ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા મતદાન કરશે.

તમામ મતદાન મથક પર સુરક્ષા અને શાંતિ જાળવવા પોલીસ પણ સતર્ક થઈ છે. સાંભળીએ અમદાવાદના પ્રતિનિધિનો અહેવાલ.

(VOICECAST : PTC AHMEDABAD)

# MATDAN JAGRUTI OVER ALL

રાજ્યમાં આગામી ચુંટણીને ધ્યાને રાખીને લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે.

વલસાડમાં જિલ્લા ચૂંટણી તંત્ર તથા શિક્ષણ વિભાગ દ્વારા ધરમપુર ખાતે બાઈક રેલી યોજી લોકોને જાગૃત કરાયા.

ડાંગના આહવામાં પોલીસ મુખ્યમથક ખાતે તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ પોસ્ટલ બેલેટ સુવિધા કેન્દ્ર શરૂ કરાયું. તેમાં પોલીસ, GRD – ગ્રામ રક્ષક અને ગૃહ રક્ષક દળના કુલ 609 કર્મચારીઓ માટે મતદાનની સુવિધા કરવામાં આવી. ભરૂચમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે 90 જેટલા પોલીસકર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું.

છોટાઉદેપુરમાં જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને બોડેલી નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે 5 સંવેદનશીલ મતદાનમથકની સ્થળ મુલાકાત લીધી. બીજી તરફ નસવાડી તાલુકામાં સખી મંડળની બહેનો દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ.

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં યોજાનારી ચૂંટણીઓમાં લોકભાગીદારી વધારવા માટે SVAP કાર્યક્રમ અંતર્ગત વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા જનજાગૃતિના ભાગરૂપે “શેરી નાટક” અને મતદાન શપથના કાર્યક્રમ યોજાયા.

# PAHALGAM ATTACK ONE YEAR

જમ્મુ-કશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું. ગયા વર્ષે આજના જ દિવસે આતંકવાદીઓએ 26 નિર્દોષ નાગરિકોની હત્યા કરી હતી. જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ “ઑપરેશન સિંદૂર” હેઠળ આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો હતો. ત્યારે સમગ્ર દેશ આ હુમલામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.

બીજી તરફ, કચ્છની સરહદ પરથી ભારતીય સેનાએ પાકિસ્તાનને કડક અને સ્પષ્ટ સંદેશ પાઠવ્યો છે. સેનાના જવાનોએ વિશેષ કવાયત યોજી ભારતની સુરક્ષા અને આધુનિક યુદ્ધક્ષમતા તેમજ અદ્યતન ડ્રોન તહેનાત કરીને ટૅક્નિકલ ક્ષમતાનું પ્રદર્શન કર્યું.

દરમિયાન “ઑપરેશન સિંદુર”માં નોંધપાત્ર ભૂમિકા ભજવનારા વીર જવાનનો અનુભવ જાણીએ.

**(BYTE: AN INDIAN ARMY SOLDIER)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફોરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# MUMBAI - AHMEDABAD BULLET TRAIN

મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જાપાનની શિંકાનસેન ટ્રેક સિસ્ટમ આધારિત J-સ્લેબ બેલેસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે, જેનો ભારતમાં પ્રથમ વખત ઉપયોગ થશે.

આ J-સ્લેબના ઉત્પાદન માટે ગુજરાતમાં સુરત નજીક કિમ અને આણંદ ખાતે બે આધુનિક ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ –TSMF સ્થાપિત કરવામાં આવી છે. ટ્રેક નિર્માણ કાર્યને સરળ બનાવવા માટે, જેમાં રેલ, ટ્રેક સ્લેબ, મશીનરી અને સાધનોનું સંચાલન સામેલ છે, સમર્પિત ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝ- TCB સ્થાપિત કરવામાં આવ્યા છે. હાલમાં 10 ટ્રેક કન્સ્ટ્રક્શન બેઝ કાર્યરત છે, જેમાંથી 4 સુરત, બિલીમોરા, વાપી વિભાગ વચ્ચે અને 6 વડોદરા, આણંદ, અમદાવાદ વિભાગ વચ્ચે આવેલ છે.

# GUJCOMASOL KHATAR VECHAN

ગુજરાત રાજ્ય સહકારી માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ – ગુજકોમાસોલ દ્વારા આજથી પ્રાકૃતિક ખાતર વેચાણનો શુભારંભ કરાયો. હવે આ સંસ્થા દ્વારા પ્રાકૃતિક ખનીજમાંથી બનેલા ખાતરનું વેચાણ કરાશે. ગાંધીનગરમાં યોજાયેલા શુભારંભ કાર્યક્રમને સંબોધતા ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ રાજ્યના ખેડૂતો માટેની આ પહેલને મહત્વની ગણાવી.

તેમણે કહ્યું, જોર્ડનની અગ્રણી કંપની મનાસીર નેચરલ ગ્રીન – MNGની નવીનવી વસ્તુઓ હવે ગુજકોમાસોલના માધ્યમથી ખેડૂતો સુધી પહોંચશે. તેનાથી ખેતીમાં ઉત્પાદન વધવા અને પર્યાવરણ સંરક્ષણને વધુ વેગ મળશે.

# VALSAD ACCIDENT DEATH

વલસાડમાં એક પીક-અપ વેન પલટી જતાં છ લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે 10 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. અમારા પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે, કપરાડા તાલુકાના વીરક્ષેત્ર નજીક મુસાફરોને લઈ જતી વેનના ચાલકે કાબૂ ગુમાવતા આ દુર્ઘટના સર્જાઈ હતી. વેનમાં 28 જેટલા લોકો સવાર હતા.

આ અંગે જાણ થતાં 108 ઇમરજન્સી એમ્બુલેન્સ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા છે.

# EVE WEATHER UPDATE

રાજ્યમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી 48 કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય. જોકે, 24થી 26 તારીખ દરમિયાન મહત્તમ તાપમાન બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે.

રાજ્યમાં ગરમીના તીવ્ર મોજા એટલે કે હીટવેવના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તે મુજબ, બપોરે 12 થી 4 વાગ્યા સુધી કામ વગર ઘરની બહાર ન નીકળવા, કામથી બહાર નીકળવું પડે ત્યારે માથા ઉપર ટોપી અથવા ભીનું કપડું રાખવા, હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા, તેમજ પુષ્કળ પ્રમાણમાં પાણી, છાસ, લીંબુ શરબત અને નાળિયેર પાણી જેવા પ્રવાહી પીણાનું સેવન કરવાની સલાહ અપાઈ છે.

# GIR SOMNATH PLAYER SELECTION

ગીરસોમનાથનાં ખેલાડી સાક્ષી રાવતની રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ સ્પર્ધા માટે પસંદગી થઈ છે. સૂત્રાપાડા તાલુકાના મોરાસા ગામનાં આ ખેલાડી હરિયાણામાં 26 એપ્રિલથી શરૂ થનારી શાળા રમતમાં 17 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

મળતી માહિતી મુજબ, ખેલાડી સાક્ષી રાવત શિક્ષણની સાથે ક્રિકેટ ક્ષેત્રે સતત ઉત્તમ પ્રદર્શન કરી રહ્યાં છે. તેમણે સખત મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેની નિષ્ઠાના આધારે સફળતા મેળવી છે. વિકેટકિપિંગ અને બૅટિંગમાં તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન